દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

તંત્રી : બિપીનચંદ્ર જોષી

Gandhinagar

● વર્ષ : ૧ ● અંક : ૬ ● તા. ૧૫-૦૩-૨૦૧૧ ● પાના : ૮ ● છૂટક કિંમત - રૂા. ૫/- ● વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

રજિ. કાર્યાલય : પ્લોટ નં. ૫૧૭/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર. ● મો. 98982 54550

## ષષ્ઠમ સંમેલનની ફળશ્રુતિ

# શ્રી ભટ્ટમેવાડા ક્રેડીટ સોસાયટીની થનારી રચના

### સમસ્ત ભટ્ટમેવાડા જનના આર્થિક ઉત્થાન માટેની સીમાચિન્હ સમી ઘટના

શ્રી અખિલ હિંદ ભટ્ટમેવાડા બ્રહ્મ સમાજ દ્વારા ષષ્ઠમ સંમેલનનું તા.૯ જાન્યુઆરી, ૨૦૧૧ ના રોજ ગાંધીનગર ખાતે કરવામાં આવેલ હતું. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજર રહી સંમેલનને સફળ અને યાદગાર બનાવી સમાજને નવી દિશા, નવો જોમ અને નવો જુસ્સો પૂરો પાડેલ છે.

આ સંમેલનની ફળશ્રુતિ રૂપે સમાજ ઉત્કર્ષની નવી યોજનાઓ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી તાત્કાલિક અમલ થઈ શકે અને લાંબા ગાળે અમલ થઈ શકે તેવી યોજનાઓ હતી. જે યોજનાઓનો અમલ ઝડપથી થઈ શકે તેમ છે તેવી યોજનાઓની અમલવારી શરૂ પણ થઈ ગયેલ છે અને જે યોજનાઓ શરૂ કરવામાં થોડો સમય જાય તેમ છે તે નજીકના ભવિષ્યમાં કાર્યાન્વિત થઈ જશે.

આજના સમયમાં કોઈપણ પ્રવૃત્તિ કરવી હોય તો નાણાંની જરૂર પડે. વેપાર, ધંધો, રોજગાર કે કોઈપણ આર્થિક પ્રવૃત્તિ કરવા માટે જો જ્ઞાતિમાં જ એવી વ્યવસ્થા હોય કે જ્ઞાતિજન સહેલાઈથી અને ઓછા વ્યાજના દરથી નાણાં મેળવી શકે તો તે જ્ઞાતિનો વિકાસ ઝડપી બને. ષષ્ઠમ સંમેલનના ઉદઘાટક તરીકે સમાજના મોભી અને જ્યોતિષચાર્ય શ્રી શુકદેવપ્રસાદ હાજર રહેલ હતા. તેઓએ

### ષષ્ઠમ સંમેલનના ઉદઘાટક શ્રી શુકદેવપ્રસાદ અગ્નિહોત્રીએ કરેલ અપીલ બનશે વાસ્તવિકતા

સંમેલનને અદભુત ગણાવી સમાજના માટે ક્રેડીટ સોસાયટીની રચના કરવા જણાવ્યું હતું. તેઓ શ્રીની અપીલને શિરોમાન્ય ગણીને અને આજના સમયની તાતી જરૂરીયાત સમી ક્રેડીટ સોસાયટીની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ છે અને આ ક્રેડીટ સોસાયટી ટૂંક સમયમાં અસ્તિત્વમાં આવશે.

ક્રેડીટ સોસાયટીની રચના, તેનો રોજબરોજનો વહીવટ અને અન્ય બાબતો ખૂબ જ મહત્વની અને ચીવટ માંગી લે તેવી છે. સમાજના ઘણા જ્ઞાતિજનો આવી કામગીરી સાથે સંકળાયેલા હશે. આવા સૌ જ્ઞાતિજનોએ આ કામમાં આગળ આવવા અને ક્રેડીટ સોસાયટી થકી ભટ્ટમેવાડા જનની ઉત્કર્ષની નવી દિશાને મૂર્તિમંત કરવા સહકાર આપવા અને સૂચનો મોકલવા વિનંતી છે. આ કામમાં સક્રિય રીતે જોડાવા માંગતા જ્ઞાતિજનોએ સમાજના પ્રમુખ શ્રી રમેશભાઈ જોશીનો સંપર્ક કરવા વિનંતી છે.

**આપનું લવાજમ મનીઓર્ડર દ્વારા નીચેના સરનામે મોકલાવી શકશો.**

બિપીનભાઈ સી. જોષી
પ્લોટ નં. ૫૧૭/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧

## હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...

## તંત્રી સ્થાનેથી....

વિનોબા ભાવેજીએ કહ્યુ હતું કે, મારો વિશ્વાસ બે ચીજ ઉપર છે. એક વિચાર ઉપર અને બીજો પ્રેમ ઉપર. વિચાર સમાજ પરિવર્તન થઈ શકે નહિ. વિચારની સાથે પ્રેમ ભળવો જોઈએ. પ્રેમ સાકર છે. હોમીયોપેથીમાં ઔષધ જેટલું વધારે ઘુંટાય તેટલું વધારે ગુણ કરે છે-માટે વિચારને પ્રેમથી ઘૂંટતા રહો.

તાજેતરમાં સમાજનું ષષ્ઠમ સંમેલન ગાંધીનગર ખાતે યોજાઈ ગયું. આ સંમલેન ઘણા વર્ષોના લાંબા અંતરાલ બાદ યોજાયેલ હોઈ જ્ઞાતિજનોમાં પણ સંમેલનને લઈને ઉત્સાહની સાથોસાથ જિજ્ઞાસા પણ હતી કે સમેલનમાં જ્ઞાતિના ઉત્કર્ષ માટે કેવી યોજનાઓ જાહેર થશે, સમાજની દિશા કઈ તરફની હશે, યુવાનો માટે શું કરવામાં આવશે, આર્થિક રીતે નબળા પરિવારો માટે શું વિચારાશે, બ્રાહ્મણત્વ માટે કોઈ વિચાર થશે કે કેમ ? આવી અનેક બાબતો માનસપટલ પર આવી હશે.

આ તકે એમ કહી શકાય કે સંમલનમાં થયેલ વિચારો જાહેર કરેલ યોજનાઓ અને ભાવિ કાર્યક્રમોએ આ જિજ્ઞાસાને જરૂર પૂરી કરેલ હશે. જે યોજનાઓ જાહેર થઈ અને સંમેલનમાં ઉપસ્થિત આગેવાનો અને મંચસ્થ મહાનુભાવોએ જે વિચારો રજૂ કર્યા તે વિચારો ઉપર હવે મંથન કરવાની અને મંથન કરીને અમૃતરૂપી યોજનાઓને સાકાર કરવાની જવાબદારી આપણા સૌની છે. સમાજના આગેવાનો અમૃતરૂપી યોજનાઓ રજૂ કરે તેને સાકાર કરવા આપણે યોજનાઓ ભાગીદાર બનીએ, અન્યોને ભાગીદાર બનાવીએ અને સમાજ ઉત્કર્ષના આ મહાકુંભમાં જોડાઈએ તો જ વિનોબાજીએ કરેલ વાત વિચારમાં પ્રેમ ભળે અને તે ઘૂંટાઈને સમાજના ઉત્કર્ષ અને વિકાસમાં પરિણમશે.

આવો આપણે પણ ભગવાન રામની ખિસકોલીની માફક આ સમાજના સેતુયજ્ઞમાં સહભાગી થઈએ.

- તંત્રી

## વેદ પ્રાર્થના

**अनुव्रतः पितुः पुत्रो माता भवतु संमनाः ।**
**जाया पत्ये मधुमतीं वाचं वदतु शान्तिवाम् ॥**

પુત્ર પિતાના અનુવ્રત હોય અર્થાત તેમના વ્રતોને (શુભ કામનાઓ) પૂર્ણ કરે. પુત્ર માતાની સાથે ઉત્તમ મનવાળા હોય અર્થાત્ માતાના મનને સંતોષ આપનાર હોય. પત્નીએ પતિની સાથે મીઠી અને શાંતિદાયક વાણી બોલવી જોઈએ.

### ધી રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ સેન્ટ્રલ રૂલ્સ-૧૯૫૬ અન્વયે 'ભટ્ટ મેવાડા વર્તમાન' માસિક અંગે માહિતી (જુઓ રૂલ નં. ૮)

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : | પ્લોટ નં. ૧૩૧૬/એ/૨, સેક્ટર-૭ ડી, ગાંધીનગર (ગુજરાત). |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : | માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : | બિપિનચંદ્ર જોશી |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | પ્લોટ નં. ૫૧૭/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર. |
| ૪. | પ્રકાશકનું નામ | : | બિપિનચંદ્ર જોશી |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | પ્લોટ નં. ૫૧૭/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર. |
| ૫. | તંત્રીનું નામ | : | બિપિનચંદ્ર જોશી |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | પ્લોટ નં. ૫૧૭/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર. |
| ૬. | માલિકનું નામ | : | શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ગાંધીનગર. |

હું બિપિનચંદ્ર જોશી, તંત્રી, આથી જાહેર કરું છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

સ્થળ : ગાંધીનગર — બિપિનચંદ્ર જોશી
તા. : ૧૫-૦૩-૨૦૧૧ — તંત્રી

ગાંધીનગર ખાતે યોજાયેલ ષષ્ઠમ સંમલનમાં સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે યોજનાઓ જાહેર કરવામાં આવેલ છે. આ યોજનાઓ સમાજના જે તે ક્ષેત્રના વિદ્વાનોના પરામર્શના યોજનાઓ તૈયાર કરવામાં આવેલ છે અને આપણા માસિકમાં પણ છેલ્લા કેટલાક સમયથી તે અંગે વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા.

ષષ્ઠમ સંમેલનમાં આ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવેલ અને હાજર સૌ જ્ઞાતિજનોને આ યોજનાની છાપેલી આપવામાં આવેલ હતી. ત્યારબાદ સમાજના આગેવાનોને આ પૈકી બે યોજનાઓ (મૃત્યુ સહાય અને બીમારી સહાય) અંગેના ફોર્મ આપવામાં આવેલ છે જે જ્ઞાતિજનોને મળી ગયા હશે. કોઈ જ્ઞાતિજન આ યોજનાથી વંચિત ન રહે અને સમાજની યોજનાઓનો છેવાડાના જ્ઞાતિજનને મળે તે હેતુથી આ અંક સાથે ફોર્મ આપેલ છે જે ભરીને સંબંધિત સમાજના પ્રમુખ/મંત્રી કે હોદ્દેદારોને અથવા ગાંધીનગર સમાજને મોકલી આપવા વિનંતી છે. જે મોટા શહેરોમાં જ્ઞાતિજનો મોટી સંખ્યામાં વસેલા છે તે શહેરોમાં સૌની સગવડ માટે અને નજીકમાં ફોર્મ પહોંચાડી શકાય તે હેતુથી ઉપરોક્ત આગેવાનોને પણ ભરેલા ફોર્મ મોકલી આપવા વિનંતી છે.

## સમસ્ત ભટ્ટમેવાડા સમાજ પરિવાર કલ્યાણ (મૃત્યુ) સહાય યોજનાના ફોર્મ ભરીને ગાંધીનગર સમાજને અથવા નીચેના જ્ઞાતિબંધુઓને આપી શકાશે.

### અમદાવાદ

| | |
|---|---|
| શ્રી ભુપેન્દ્રભાઈ ત્રિકમલાલ ઉપાધ્યાય | એ-૪૯ રંગઆશીષ સોસયટી, ઈસનપુર, અમદાવાદ મો.૯૪૨૭૭૦૩૧૨૧ |
| શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિકમલાલ જોશી | બી-૧૯, લલીતા સોસાયટી, ઈસનપુર, અમદાવાદ<br>ફોન નં.૨૫૩૯૮૩૬૦, મો.૯૭૨૬૬૩૪૪૩૫ |
| શ્રી મહેન્દ્રભાઈ જે.ભટ્ટ | ૩-એ રુદ્રબાગ સોસાયટી, વેજલપુર, અમદાવાદ-૫૧<br>ફોન નં.૨૬૮૧૦૭૧૭, મો.૯૪૨૮૪૦૫૬૮૯ |
| શ્રી મયુરધ્વજ શંકરલાલ ભટ્ટ | ૨૦ એલ આઈ જી કે કે નગર સેકટર-૨ ઘાટલોડિયા અમદાવાદ |
| શ્રી હરસિધ્ધ ઋષિરાજ અગ્નિહોત્રી | ૮-બી યોગેશ્વર એપાર્ટમેન્ટ, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ<br>ફોન નં.૨૭૯૧૧૭૦૪ મો.૯૪૨૯૬૧૮૮૯૩ |
| શ્રી અતુલ કાન્તીલાલ જોશી | ૨, કેસરીયાજીનગર સોસાયટી, એલઆઈસી ઓફિસ સામે, વાસણા<br>ફોન નં.૨૬૬૧૧૨૯ મો.૯૮૭૯૫૧૩૧૬૪ |
| શ્રી કીર્તિકુમાર રેવાશંકર ભટ્ટ | બી ૫ મધુરમ ડુપ્લેક્ષ દક્ષીણી સોસાયટી મણિનગર અમદાવાદ |
| શ્રીમતિ અમીતાબેન કપીલભાઈ પાઠક | ૭૬, શારદાનગર સોસાયટી, પાલડી, અમદાવાદ-૭ ફોન નં.૨૬૬૪૧૬૩૭ |
| શ્રી પંકજકુમાર છોટાલાલ ભટ્ટ | ૭/૮૧ ગોકુલ એપાર્ટમેન્ટ, સોલારોડ, નારણપુરા, અમદાવાદ-૧૩<br>ફોન નં.૨૭૪૯૦૮૨૫ મો.૯૮૨૫૫૭૪૦૦ |
| શ્રી ભરતકુમાર રમણલાલ ભટ્ટ | ૧૬, ગણેશપાર્ક, શાયોનાસીટી, ઘાટલોડીયા, અમદાવાદ<br>ફોન નં.૨૭૭૭૩૨૭૭ મો.૯૪૨૬૩૬૧૦૭૪ |
| શ્રી દિનેશભાઈ પુરોહિત | ૭૧, કમલ ડુપ્લેક્ષ, નીલ સાગર ટેના. સામે, કઠવાડા રોડ, નરોડા. ૯૮૯૮૦ ૬૧૮૮૨ |

### નડીયાદ

| | |
|---|---|
| શ્રી ઉપેન્દ્રભાઈ શાસ્ત્રી | શ્રી હરિ કૃષ્ણદર્શન સોસાયટી, વાણીયાવાડ, ૯૮૭૯૭૫૦૩૪૩, ૨૫૨૪૩૪૩ |
| શ્રી મુકેશભાઈ ઓચ્છવલાલ પંડયા | કડવાશા પોળ, કંસારા બજાર, મહાદેવ પાસે, નડીયાદ<br>ફોન - ૨૫૬૮૧૪૪, મો.૯૮૨૫૦૭૭૫૭૮ |
| ડૉ.પ્રવિણભાઈ જોશી | અંબાલાલ પાર્ક, વૈશાલી સિનેમા પાસે, નડીયાદ. |
| શ્રી તુષારભાઈ જોશી | ૧૮, દ્વારકેશ સોસાયટી, જુના ડુમરાલ રોડ, કીડની હોસ્પી.પાછળ, નડીયાદ |
| શ્રી મહેશભાઈ જોશી | ૩૨, દ્વારકેશ સોસાયટી, ડુમરાલ રોડ, નડીયાદ<br>મો.૯૪૨૬૫૦૯૧૦૨ ફોન નં.૨૫૫૯૩૬૬ |
| શ્રી પવનદેવભાઈ ભટ્ટ | દેસાઈ પોળ, સાંથલ બજાર, નડીયાદ ૯૯૭૯૪૩૦૨૦૧ |
| શ્રી ભુપેન્દ્રભાઈ ભટ્ટ | ૪૦, પરમહંસ સોસાયટી, કીડની હોસ્પી.પાછળ, નડીયાદ ૯૪૨૮૫૩૨૮૬૨ |

**વડોદરા**

| | |
|---|---|
| શ્રી રમેશભાઈ વ્યાસ | ૧૫, મુક્તાનંદ સોસાયટી, કારેલીબાગ, વડોદરા. ફોન-૨૪૬૦૦૮૬, મો.૯૪૨૮૯૭૫૮૮૮ |
| શ્રી બલભદ્રભાઈ ગોર | બી ૧૨૪ ગાયત્રીકૃપા સોસાયટી, જીઆઈડીસી વડસર રોડ, મકરપુરા, વડોદરા મો.૯૨૨૮૪૩૯૮૩૧ |
| શ્રી રમેશભાઈ મહેતા | ટાવર પાસે, રાવપુરા, વડીવાડી પોલિસ ચોકી પાછળ, વડોદરા મો.૯૮૨૪૦૧૪૯૯૭ |
| શ્રી ભરતભાઈ દવે | ૧૧, સંધ્યાનગર, અવધૂત ફાટક, વિશ્વામિત્ર રોડ, વડોદરા-૧૧ |

**મોડાસા**

| | |
|---|---|
| શ્રી યશવંતરાય લાભશંકર વ્યાસ | ૮૧, રામપાર્ક સોસાયટી, મોડાસા ફોન નં.૨૪૬૨૬૬, મો.૯૪૨૭૩૭૧૩૬૬ |
| શ્રી રમેશચંદ્ર ઉપાધ્યાય | ૧૧૦, રામપાર્ક સોસાયટી, મોડાસા ફોન નં.૨૪૭૧૧઼઼઼ઘ મો.૯૪૨૬૫ ૯૭૮૧૮ |

**કુકરવાડા**

| | |
|---|---|
| શ્રી કાન્તીલાલ સોમનાથ જોશી | અંબાજી માતાનો માઢ, કુકરવાડા ફોન નં.૨૫૨૮૫૨ |
| શ્રી શશીકાન્ત મણીલાલ જોશી | કુકરવાડા, મો.૯૪૨૭૩૪૦૯૨૫ |

**ઈડર**

| | |
|---|---|
| શ્રી ગીરીશભાઈ ભટ્ટ | ફોન - ૨૫૪૧૩૫, મો.૯૯૯૮૧૬૦૩૯૪ |
| શ્રી સંજયભાઈ જોશી | ૮૬, શિવમ સોસાયટી, આનંદનગર વિસ્તાર, ઈડર ૨૫૩૦૨૧ |

**પાલનપુર**

| | |
|---|---|
| શ્રી જયંતીભાઈ ગોદડભાઈ જોશી | ૨, નિલકંઠ સોસાયટી, હનુમાન ટેકરી સામે, હાઈવે, પાલનપુર ફોન નં.૨૫૩૧૬૮, મો.૯૮૯૮૫૩૫૬૨૪ |

**મહેસાણા**

| | |
|---|---|
| શ્રી દિલીપભાઈ દામોદરદાસ પંડ્યા | મો. ૯૯૨૪૦૧૧૨૦૫ |
| શ્રી ભરતભાઈ મનુભાઈ જોશી | મો. ૯૯૨૫૦ ૪૭૫૩૦ |

**સુરત**

| | |
|---|---|
| શ્રી જીતેન્દ્રભાઈ અમૃતલાલ જોશી | ૪૩, પાંડેસરા નગર, ગુહાબોર્ડ, પાંડેસર, સુરત. ફોન-૨૮૯૦૫૫૫, મો.૯૪૨૬૧૦૧૨૨૩ |

**વિજાપુર**

| | |
|---|---|
| શ્રી દેવપ્રસાદભાઈ જોશી | ફોન : ૨૨૨૩૫૫ |
| શ્રી કૌશલભાઈ પંડયા | ફોન : ૯૯૨૪૭૮૨૦૧૪ |

**પાલ્લા**

| | |
|---|---|
| શ્રી પ્રકાશકુમાર ડી.જોશી | મુ.પો.પાલ્લા, તા.ભિલોડા મો.૯૪૨૭૪૦૨૭૩૯ |

**મુંબઈ**

| | |
|---|---|
| શ્રી ભરતભાઈ પરમાનંદ જોશી | ભાદરણનગર, મલાડ(વેસ્ટ) મોબાઈલ-૦૨૨(૨૮૦૭૪૩૪૧) |
| શ્રી કમલ વિનુભાઈ દિક્ષીત | ડી-૫૦૧, સાંઈધામ બિલ્ડીંગ, લાલજીપાડા પોલીસ સ્ટેશન પાસે, કાંદીવલી(વેસ્ટ) મુંબઈ મો.૯૮૩૩૭૩૪૪૯૭ |
| શ્રી મનુભાઈ ગિરજાશંકર પંડ્યા | ૪૦૪, અનુપમ એપા., ૪થો માળ, ન્યુ એરા થિયેટર પાસે, એસજી રોડ, મલાડ, વેસ્ટ |

**આણંદ**

| | |
|---|---|
| ડૉ.રાજેશકુમાર મનુભાઈ જોશી | ૩૨, સર્વમંગલ પાર્ક, પાલિકાનગર પાસે, આણંદ. ફોન-૨૪૬૨૨૫, મો.૯૮૭૯૯૫૫૪૦૨ |

**હિંમનગર**

| | | | |
|---|---|---|---|
| શ્રી વિભાકરભાઈ ભટ્ટ | (૦૨૭૭૨)-૨૪૧૩૨૩, ઘર- ૨૩૨૩૩૫ | શ્રી મનુભાઈ ભટ્ટ | ૨૨૨૮૦૦ |
| શ્રી આશીષભાઈ ભટ્ટ | મહેતાપુરા, ૨૩૨૨૬૬ | શ્રી સર્વાનંદ અશ્વીનભાઈ ભટ્ટ | પોલો ગ્રાઉન્ડ, ૨૪૫૩૭૬, ૨૪૦૩૩૫ |
| શ્રી વિનાયકભાઈ પંડયા | પોલો ગ્રાઉન્ડ, ૨૪૫૩૦૫ | શ્રી જયંતભાઈ જોશી | મોતીપુરા, ૨૨૮૩૫૧ |
| શ્રી જશુભાઈ ભટ્ટ | મોતીપુરા, ૨૨૮૬૬૩ | શ્રી મધુભાઈ જોશી | મોતીપુરા, ૨૨૮૧૨૦ |
| શ્રી ધર્મેશભાઈ જોશી | ૯૯૭૮૨૧૫૬૦૦ | શ્રી ગીરીશભાઈ વ્યાસ | શાંતિનગર, ૨૩૩૫૫૧ |
| શ્રી યશવંતભાઈ જોશી | ૨૪૫૬૦૦ | શ્રી સૌરભભાઈ ભટ્ટ | મોતીપુરા, ૨૨૯૮૬૬ |
| શ્રી નીતિનભાઈ પંડયા | ૨૪૭૭૬૦ | શ્રી હરીશભાઈ એન.જોશી | ૨૩૫૫૨૩ |

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : પરાગ મહેશભાઈ પંડ્યા | જયમીન મહેશભાઈ જોશી | |
| જન્મ તારીખ | : ૦૨-૦૨-૮૩ | ૨૯-૦૬-૮૩ | |
| અભ્યાસ | : બી.એસ.સી. કેમેસ્ટ્રી | એમ.એ. (અંગ્રેજી) | |
| વ્યવસાય | : નોકરી | નોકરી | |
| માસિક આવક | : ૧૦,૦૦૦ રૂા. | રૂા. ૨૫,૦૦૦ | |
| ઊંચાઈ | : ૫'.૭" | ૫'.૧૦" | |
| ગોત્ર | : ગર્ગ | પરાશર | |
| વતન | : વિજાપુર | કુકરવાડા | |
| રહેઠાણ | : વિજાપુર | અમદાવાદ | |
| સંપર્ક | : મહેશકુમાર ડાહ્યાલાલ પંડ્યા | મહેશભાઈ - કલ્પનાબેન | |
| | ૯૯૨૫૩૦૮૩૭, ૯૯૧૩૮૩૫૪૭૨ | ૦૨૭૬૩-૨૫૨૯૩૫, ૯૭૨૪૧૩૦૨૫૧ | |

| | | | |
|---|---|---|---|
| નામ | : મેહુલકુમાર રાજેન્દ્રકુમાર પંડ્યા | અલ્કેશ હરિવદન જોશી | હેમાંગ |
| જન્મ તારીખ | : ૦૮-૦૧-૮૦ | ૦૧-૦૭-૭૦ | ૧૧-૦૭-૮૩ |
| અભ્યાસ | : એમ.એ. સંસ્કૃત | ધોરણ-૧૨, આઈટીઆઈ,મો.મીકે. | B.A. (Eng.). M.A. Part-I, M.S. Office |
| વ્યવસાય | : નોકરી | નોકરી | ગ્લોબલ, ટેલીસ્ફોટ |
| માસિક આવક | : રૂા. ૮,૦૦૦ | રૂા. ૬,૦૦૦/- | - |
| ઊંચાઈ | : ૫'. | - | ૫'.૬" |
| ગોત્ર | : પરાશર | પરાશર | પારાશર |
| વતન | : નાની મગોળ, પ્રાંતિજ | પાટણ | પ્રાંતિજ |
| રહેઠાણ | : - | - | - |
| સંપર્ક | : રાજેન્દ્રભાઈ પંડ્યા | હરિવદન શાંતિલાલ જોષી | જગદીશચંદ્ર પંડ્યા |
| ૦૨૭૭૨-૨૪૨૬૨૮, મો. ૯૮૭૯૦૯૪૧૭૭ | | ૯૫૭૪૧ ૭૪૭૧૨ | ૯૯૨૫૨ ૨૦૭૦૫, ૯૮૨૫૫ ૨૩૧૫૪ |

## વર જોઈએ છે

| | |
|---|---|
| નામ | : પૂજા |
| જન્મ તારીખ | : ૨૭-૧૧-૮૬ |
| અભ્યાસ | : માસ્ટર ઈન બાયોટેક |
| વ્યવસાય | : આસી. મેનેજર, યુનાઈટેડ બાયોટેકલિ. |
| માસિક આવક | : રૂા. ૨૫,૦૦૦/- |
| ઊંચાઈ | : ૫'.૩" |
| ગોત્ર | : શાંડીલ્ય |
| વતન | : રાયગઢ |
| સંપર્ક | : યજ્ઞેશભાઈ શામળદાસ ઉપાધ્યાય |
| ૦૨૨-૨૮૯૦૦૯૧૩, ૯૯૨૦૩૯૨૮૧૫ | |
| ઈ-મેલ : **upadhyayys@rediffmail.com** | |

## ચંદન - એક ઔષધિય વનસ્પતિ



ચંદનનું ૫-૮ મી સદાહરિત લીલુ સુવાળુ વૃત છે. તેના પર્ણો એકાંતરિત, પુષ્પાવિન્યાસ સંયુક્ત કલગી તેમજ તેના પુષ્પો ભૂખરા-જાબલી રંગના હોય છે તેના ફળ ઉપગોળાકાર અથવા દીર્ઘવલાયાકર અને બીજ એકાંકી હોય છે. તેના કાષ્ઠનો ઔષધિય ઉપયોગ શ્વાસનળીના સોઝા, દુઝતા હરસ, બળતરા, મરડો, હૃદયની કમજોરી, વાયુવિકાર, અતિરક્ત સ્રાવ, એસીડીટી, ખંજવાળ, કમળો વગેરેમાં થાય છે. તેમજ બીજનો શ્વાસનળીના સોજા, ગર્ભપાતકારક, બળતરા, ચામડીના રોગ તથા શીતળામાં થાય છે. ચંદનના વૃક્ષોના જંગલો દક્ષિણ ભારતમાં આવેલા છે. આ વનસ્પતિનો આયુર્વેદિક, હોમીયોપોથી, સિધ્ધા, યુનાનિ લોક તેમજ આધુનિક પધ્ધતિમાં તેનો વિશેષ પ્રમાણ ઉપયોગ થાય છે.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**Paresh C. Joshi**

**INVESTMENT CONSULTANT**

General Insurance
Life Insurance Corporation of India

Plot No. 572/1, Sector-6 B,
Gandhinagar-382 006.
Mobile : 96381 48699
Phone : 079 - 23236704

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

*Sonu N. Bhatt*

(AGENT)

NSC, KVP, MIS, R.D.,
SMALL SAVINGS SCHEME,
LIC, UTI, PPF, COS. DEPOSITS,
SRGE, ICICI MUTUTAL FUND,
RBI RELIEF BONDS.

: RESIDENCE :
PLOT NO. 152/2, ANAND VATIKA SOCIETY,
SECTOR-22, GANDHINAGAR-382022.
PH. : 079-23227798, (M) 98980 27798

# એકાવન શક્તિપીઠો-તેમની ઉત્પત્તિ, સ્થાન વિશેષ તથા મહત્ત્વ ૫

**પ્રા. ભરતકુમાર ડી. ભટ્ટ, ગાંધીનગર**



(ગતાંકથી આગળ)

(૪૬) અંગ-ડાબો હાથ પીઠ-બાહુલા. પશ્ચિમ બંગાળના કેતુબ્રહ્મા ગામમાં તે આવેલું છે શક્તિ છે બહુલાદેવી.

(૪૭) અંગ-જઠર. પીઠ-પ્રભાચ. ગુજરાતના જૂનાગઢ(સૌરાષ્ટ્ર) પ્રદેશમાં તે આવેલું છે. ગિરનાર પર્વત ઉપર અંબાજીનું અને કાલીમાતાનું મંદિર છે. શક્તિનું નામ છે ચન્દ્રભાગા.

(૪૮) અંગ-દ્રિતીય લોચન પીઠ કરવીટ તે કોલ્હાપુર (મહારાષ્ટ્ર)માં આવેલા અંબાજીના મંદિરમાં આવેલું છે. શક્તિ છે મહિષમર્દિની.

(૪૯) અંગ-ડાબો પગ પીઠ-ત્રિસ્તોત્રા તે પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લામાં ત્રિસ્તા નદી પાસે, શાલવાડી ગામમાં આવેલ છે. શક્તિ છે ભ્રામરી દેવી.

(૫૦) અંગ-નાક પીઠ-ચૂનર તે એક દ્રીપકલ્પ જેવી સ્થિતિમાં વસેલું છે. પૂર્વમાં જર્ગો નદી વહે છે. પશ્ચિમમાં ગંગા નદી છે અને દક્ષિણમાં વિન્ધ્યાચલની ગિરિમાળા છે. ચૂનરને દક્ષિણ ભારતનું પ્રવેશ દ્વારા કહેવામાં આવે છે. ચૂનર રેલ્વે જેકશન હાવરા-મીરઝાપુર-દિલ્હી રેલ્વે લાઈન પર આવેલું છે. દુર્ગા દેવીએ, દુર્ગ રાક્ષસનો વધ કર્યા બાદ વિન્ધ્યપર્વત પર વિશ્રામ લીધો હતો.

(૫૧) અંગ-જિહ્વા. પીઠ-શારદાદેવી(મૈહર). આ પીઠને અગાઉ માતૃગૃહ કહેવામાં આવતું હતું, જે મૈહર રેલવે સ્ટેશનથી ૨ કિ.મી. અંતરે મંદિરને મુસ્લિમ આક્રમણખોરોએ તોડી નાખ્યું છે.

**(ક્રમશઃ)**

**આપનું લવાજમ મનીઓર્ડર દ્વારા નીચેના સરનામે મોકલાવી શકશો.**

**બિપીનભાઈ સી. જોષી**
**પ્લોટ નં. ૫૧૭/૧, વાસ્તુનિર્માણ સોસાયટી,**
**સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧**

Bharat Joshi Mob. 99250 47530
Bhumesh Joshi Mob. 97129 51963
Ph. : 2764-234114

LPS

**BALRAM**
**SALES CORPORATION**

Authorised Dealers :

**LPS & UNBRAKO MAKE HIGH TENSILE INDUSTRIAL FASTNERS, M.S., S.S. AND ALL TYPE OF NUTS & BOLTS**

**7, Sagar Com. Complex,**
**Below Bank of Baroda,**
**CHHATRAL.**
**Gujarat. Pin : 382729**
**E-mail : balramsales@gmail.com**

With Best Compliments From
**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 2413157 Fax : (0265) 2417379
E-mail : mehtaprocon@yahoo.co.in

# ગાંધીનગર ખાતે યોજાયો શિવરાત્રિ મહોત્સવ

શિવરાત્રિ એ ભગવાન શંકરને-ભોળાને ભજવાનો વિશિષ્ટ દિવસ છે. કહેવાય છે કે, શિવરાત્રિના દિવસે કરેલી ભક્તિ અને ઉપાસના અનેકગણું ફળ આપે છે. ઉત્સવો પાછળ વિજ્ઞાન પણ છુપાયેલું છે. શિવરાત્રિનું વિજ્ઞાનની રીતે મહત્વ જોઈએ તો શિયાળા દરમ્યાન ખાવા પીવામાં ધ્યાન ન અપાયું હોય કે ઠંડી ઋતુને કફ અને વાયુ પ્રકોપ થયો હોય તો કફ અને વાયુનું શમન કરવા માટે ઉપવાસ અને જાગરણ કરવું જરૂરી બને છે. ઉનાળાની ઋતુ સ્વસ્થતાપૂર્વક પસાર કરવા માટે શિવરાત્રીનો ઉપવાસ અને જાગરણ જરૂરી છે.

શિવરાત્રીએ ઈષ્ટદેવ શ્રી એકલીંગજીને કૃપા પ્રાપ્ત કરવા માટે ગાંધીનગર સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ પણ શિવરાત્રી મહોત્સવ સમાજના પ્રમુખશ્રી રમેશભાઈ જોશીના યજમાનપદે યોજાયો હતો.

ગાંધીનગર ખાતે આ મહોત્સવની ખાસ વિશેષતા એ છે કે, પુજા કરાવવા માટે જ્ઞાતિબંધુ જ આવતા હોય છે જેમને કોઈ દક્ષિણા આપવાની હોતી નથી અને પાઠ કરવા માટે સમાજના ભાઈ/બહેનો જ હાજર રહેતા હોઈ કોઈ વિશેષ દક્ષિણા કે અન્ય ખર્ચ કરવાનો થતો નથી અને નજીવા ખર્ચે લઘુરુદ્રનું આયોજન કરી શકાય છે. સમાજ દ્વારા શ્રાવણ માસ દરમ્યાન અને કોઈ જ્ઞાતિબંધુને લઘુરુદ્ર કરાવવો હોય તો આ રીતે કરવામાં આવતો હોય છે.

શિવરાત્રી મહોત્સવના આચાર્યપદે શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય બીરાજમાન હતા. સૌએ ભક્તિભાવપૂર્વક પૂજામાં ભાગ લીધો હતો અને ફરાળ કરીને સૌ જય એકલીંગજીનો નાદ કરતાં છૂટા પડયા હતા.

## ભટ્ટ મેવાડા વર્તમાનને ભેટ

શ્રી ગુણવંતભાઈ શિવશંકર જોષી, અમદાવાદ તરફથી ભટ્ટમેવાડા વર્તમાનને રૂા.૪૦૦/- અને શિક્ષણ સહાય માટે રૂા.૧૦૦૦/- ની ભેટ મળેલ છે જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવે છે.

શ્રી જીતેન્દ્રભાઈ અમૃતલાલ જોશી, સુરત તરફથી ભટ્ટમેવાડા વર્તમાનને રૂા.૧૦૦૦/-ની ભેટ મળેલ છે. જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવે છે.

શ્રી જનાર્દનભાઈ એચ.જોશી, જામનગર તરફથી ભટ્ટમેવાડા વર્તમાનને રૂા.૫૦૦/-ની ભેટ મળેલ છે. જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવે છે.

# નાયબ સેકશન અધિકારી/નાયબ મામલતદાર સ્પર્ધાત્મક પરીક્ષા એપ્રિલ માસમાં યોજાશે માહિતી સેમીનાર

આગામી જુન મહિનામાં અંદાજે ૧૦૦૦ જેટલી નાયબ મામલતદાર/ નાયબ સેકશન અધિકારીની જગ્યાઓ માટે પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષામાં ભટ્ટમેવાડા યુવક/યુવતીઓ મોટી સંખ્યામાં બેસે તે માટે ગાંધીનગર સમાજ દ્વારા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. આ માટે સમાજના માસિકમાં માહિતી આપેલ હતી. એસએમએસ મારફતે અને ટેલિફોન દ્વારા સંપર્ક સાધવામાં આવેલ હતો. જ્ઞાતિના ઘણા યુવક/ યુવતીઓએ આ માટે અરજી કરેલ અને ગાંધીનગર સમાજને જાણ પણ કરેલ છે.

સમાજના નોકરીવાંચ્છું યુવક/યુવતીઓને આ પરીક્ષામાં માર્ગદર્શન મળે, વધુમાં વધુ જ્ઞાતિબંધુઓ સરકારી નોકરીમાં જોડાય તેવા ઉમદા અને શુભ હેતુથી ગાંધીનગર સમાજ આ માટે કાર્યરત છે અને આ માટે જે કંઈ કરવું પડે સૌનો સાથ સહકાર પણ માંગે છે. સમાજ ઉત્કર્ષના કામમાં સૌને જોડાવા સાદર નિમંત્રણ છે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી, પધ્ધતિ વગેરે સફળતા મેળવવા માટે ખુબ જ મહત્વ ધરાવે છે અને સારી રીતે તૈયારી કરનારાઓના પરિણામ પણ ફળદાયી હોય છે, સફળતાનો દર ઉંચો હોય છે અને તેથી પરીક્ષા અંગે વિસ્તૃત અને જ્ઞાનભર માહિતી મળે, પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી, કયા પુસ્તકોનો અભ્યાસ કરવો વગેરે બાબતોને સાંકળી લેતો માહિતી સેમીનાર એપ્રિલ માસમાં ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે જેમાં હાજર રહેવા સૌ પરીક્ષાર્થીઓને વિનંતી છે.

## તા.૨ એપ્રિલે ઉજવાનારો પુજય એકલીંગજી દાદાનો પાટોત્સવ - ભંડારો

ફાગણ વદ ૧૪ તા.૨-૨-૨૦૧૧ ના રોજ ઈષ્ટદેવ શ્રી એકલિંગજી દાદાનો પાટોત્સવ છે. રાજયમાં અને વિદેશોમાં વસતા સૌ ભટ્ટમેવાડા ભાઈઓ ભેગા થઈ ઉત્સાહપૂર્વક દાદાનો ભંડારો ઉજવે છે. ગાંધીનગર ખાતે પુજય દાદાનો ભંડારો શ્રી રમેશભાઈ ગોરના મુખ્ય યજમાનપદે તા.૨-૪-૨૦૧૧ ના રોજ યોજાનાર છે. ગાંધીનગરનો ભંડારો ભટ્ટમેવાડા અને ત્રિવેદી મેવાડા બંન્ને ભેગા ઉજવે છે.

કુકરવાડા ખાતે પુજય દાદાનો ભંડારો તા.૨-૪-૨૦૧૧ ના રોજ યોજાનાર છે. ભંડારામાં કુકરવાડામાં રહેતા અને અન્ય સ્થળોએ વસતા કુકરવાડા જ્ઞાતિબંધુઓને ભંડારામાં હાજર રહેવા વિનંતી છે.

દેશ-વિદેશમાં યોજાતા ભંડારાની વિગતો ભટ્ટમેવાડા વર્તમાનની મોકલી આપવા વિનંતી છે કે જેથી તે અંગેની વિગતો પ્રકાશિત કરી શકાય.

**નોકરી વાંચ્છુક યુવક-યુવતીઓ માટે સોનેરી સમય યા હોમ કરીને તૂટી પડો- સફળતા મળશે જ**

**કેન્દ્ર સરકાર/રાજય સરકાર/બેંક/રેલ્વે/એસટી/હોસ્પિટલ, પોલિસ, કોલેજો સહિતમાં હજારો ભરતીની સંભાવના**

**ગુજરાત સરકારમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ની ૪૦૦ જેટલી જગ્યાઓ પર થનાર ભરતી**

## નોકરીવાંચ્છુ ભટ્ટમેવાડા યુવક-યુવતી નોકરીવગરની ન રહે તે માટેનું ચલાવાશે

અભિયાન નોકરી વાંચ્યુ યુવક-યુવતીઓ માટે સારા સમાચાર છે એ કે આગામી થોડા સમયમાં કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર રેલ્વે, બેંકો વગેરમાં મોટી સંખ્યામાં ભરતી થવાની સંભાવના છે. નાયબ મામલતદાર અને નાયબ સેકશન અધિકારીની ૯૪૮ જગ્યાઓ માટેની જાહેરાત આવી ગઈ છે અને તેની પરીક્ષા જુન માસમાં યોજાવાની સંભાવના છે.

ઉપર જણાવેલી સંસ્થાઓમાં આગામી સમયમાં ભરતી માટેની જાહેરાતો આવનાર છે. ગાંધીનગર સમાજ સૌના સાથ સહકારથી આ નવી ભરતીમાં સમાજના વધુમાં વધુ યુવક-યુવતીઓ ભાગ લે અને નોકરી મેળવે તે રીતે કામ કરવા માંગે છે અને એવા લક્ષ્યાંક સાથે ચાલવું છે કે નોકરી મેળવવા પાત્ર એક પણ ભટ્ટમેવાડા યુવક-યુવતી કામ વગરની ન રહે. આ અભિયાનમાં સૌનો તન, મન અને ધનથી સહકાર જોઈશે. સૌનો સાથ સહકારભૂતકાળમાં મળેલો છે અને ભવિષ્યમાં મળશે તેવી અપેક્ષા સાથે અને ઈષ્ટદેવ શ્રી એકલિંગજી દાદાના આર્શીવાદ સાથે આગળ વધવાનું છે. આવો આપણે સૌ એક સાથે મળીને સમસ્ત ભટ્ટમેવાડાજનના ઉત્કર્ષન આ યજ્ઞમાં સહભાગી થઈએ.

Owner : Shree Bhatt Mevada Brahma Samaj, Gandhinagar Printer, Publisher, Editor : Bipinchandra Joshi, Printed : Dharti Offset, Plot No. L-405, G.I.D.C., Sector-28, Gandhinagar. Published : 1316/A/2, Sector-7 D, Gandhiangar. (GUJARAT)